**<u>પડધરી મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુ. પડધરી. જી.રાજકોટ</u>**

**ફો.કેસ નં. ૩૯૪/૨૦૨૬**

**આંક–**

**ફરીયાદી** **શ્રી સરકાર**

**પડધરી પોલીસ સ્ટેશન પાર્ટ–એ**

**ગુન્હા રજી. નં.–૧૧૨૧૩૦૪૨૨૬૦૨૧૭/૨૦૨૬**

**વિરૂદ્ધ**

**આરોપી ૧– વેરસિંહ કનીયાભાઈ બુડેળીયા,**

રહે. કાંન્તીભાઈ નાથાભાઈ પીપરીયાની વાડીમાં, ખોડાપીપર ગામ, તા.પડધરી, જી.રાજકોટ, મુળ રહે. છોટી શરદી તડવી ફળીયુ, તા.કઠીવાળા, જી.અલીરાજપુર, એમ.પી.

**૨– રમેશભાઈ વેરસિંહ બુડેળીયા,**

રહે. વલ્લભભાઈ નટુભાઈ વણપરીયાની વાડીમાં, ખોટાપીપર ગામ, તા.પડધરી, જી.રાજકોટ, મુળ રહે. છોટી શરદી તડવી ફળીયુ, તા.કઠીવાળા, જી.અલીરાજપુર, એમ.પી.

**૩– ધર્મેશભાઈ પધમસિંહ ઝમરા,**

રહે. કિશોરભાઈ નરશીભાઈ ગરસોંદીયાની વાડીમાં, તા.પડધરી, જી.રાજકોટ, મુળ રહે. આબાચંદન ગામ, તા.મહુ, જી.ઈન્દોર.

---

**ગુન્હાની કલમો** :– **બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૨૩૮(એ), ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.**

---

**// કમીટલ હુકમ //**

(૧) સદર કામે પોલીસે, ફરિયાદીની ફરિયાદ લઈ ગુન્હો દાખલ કરી, તે અન્વયે આ ગુન્હાની પુરતી અને સંપૂર્ણ તપાસનાં અંતે આ કામનાં આરોપીઓની સામે બી.એન.એસ.ની કલમ– ૧૦૩(૧), ૨૩૮(એ),

૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં સજાને પાત્ર ગુન્હા સબબ, આ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલું છે.

(૨) આરોપીઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળ્યાની કાત્રી કરી, આરોપીઓનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં તેઓએ પોતાની સામેનાં સદર કેસનાં બચાવમાં સ્વખર્ચે વકીલ રોકવા માંગતા હોવાનું જણાવેલ છે.

(૩) આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો ધ્યાને લેતાં, તે પૈકીનાં મુખ્ય ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો અધિકાર માત્ર નામદાર સેશન્સ અદાલતને જ છે. જે હકીકત ધ્યાને લેતાં આરોપીઓ સામેનો સદર કેસ નામદાર સેશન્સ અદાલતમાં કમીટ થવા પાત્ર બનતો હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આરોપીઓ સામેનો સદર કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૨ મુજબ નામદાર સેશન્સ અદાલત, રાજકોટનાઓને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓને સદર કેસની આગામી મુદત તારીખ–૨૨/૦૬/૨૦૨૬ ના રોજ ૧૦–૪૫ કલાકે નામદાર સેશન્સ કોર્ટ, રાજકોટમાં હાજર રહેવાની સમજ કરેલ છે.

(૩) આ કેસનાં તમામ અસલ કાગળો વિગતવાર ફાઈલમાં નિયમ મુજબ તૈયાર કરી તે સાથેનાં તમામ મુદ્દામાલ સહિત નામદાર સેશન્સ અદાલત, રાજકોટનાઓને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કેસ કમીટ કર્યા અંગેની જાણ રાજકોટનાં મુખ્ય જીલ્લા સરકારી વકિલશ્રીને કરવી.

હુકમ તારીખ–૦૮મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૬/૨૦૨૬
પડધરી

(કુ.શ્રદ્ધા એન. ફાળકી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પડધરી, જી.રાજકોટ,
UID GJ–1579